**સુરતના વિશેષ ન્યાયાધીશશ્રીની કોર્ટ સમક્ષ,**
**મુ.સુરત**

**<u>સ્પેશીયલ (એ.સી.બી.) કેસ નં.૧૪/૨૦૧૧</u>**

**<u>આરોપી પ્રદિપ શશીકાંત કારખાનીશને સજાનો હુકમ થયા બાદ, સજાના હુકમનો અમલ મોકૂફ રાખવાની અને અપીલ પીરીયડ સુધીના જામીન પર મુક્ત કરવાની આરોપીની આંક–૧૨૫ ની અરજી હેઠળ હુકમ</u>**.

**(૧)** આજરોજ આ કામે આંક–૧૨૪ થી ચૂકાદો જાહેર કરી આરોપીને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ ની કલમ–૭ મુજબના ગુના સબબ ૩ (ત્રણ) વર્ષની સખ્ત કેદની સજા અને ₹૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) ના દંડ તેમજ કલમ–૧૩(૧)ઘ, ૧૩(૨) મુજબના ગુના સબબ ૩ (ત્રણ) વર્ષની સખ્ત કેદની સજા અને ₹૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) ના દંડનો હુકમ કરવામાં આવેલ છે.

**(૨)** આરોપી તરફે કરવામાં આવેલ રજૂઆત મુજબ, તેઓ તેમની સામેના સજાના હુકમ સામે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરવા માંગે છે. આથી તેમની સામેની સજાનો હુકમ અપીલ પીરીયડ સુધી સ્ટે કરવા અને અપીલ પીરીયડ સુધી તેમને જામીન પર મુક્ત કરવા રજૂઆત કરેલ છે. આરોપી તરફે વધુમાં રજૂઆત કરવામાં આવેલ છે કે, તેઓએ નામદાર કોર્ટના હુકમ મુજબ દંડની રકમ અત્રેની કોર્ટની નાઝર શાખામાં આજરોજ જમા કરાવેલ છે.

**(૩)** આરોપીની અરજીની વિગતો તેમજ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૩૦(૩) ની જોગવાઈ ધ્યાને લેતાં, આરોપી તેમને કરવામાં આવેલ સજાના હુકમ વિરુદ્ધ અપીલ કરવા માંગતા હોઈ, અપીલ

પીરીયડ સુધી સજાનો હુકમ સ્ટે કરવા અને અપીલ પીરીયડ સુધી તેમને જામીન મુક્ત કરવાનું ન્યાયોચિત જણાય છે, જેની નીચે મુજબનો હુકમ કરવામાં આવે છેઃ—

## હુકમ

**૧.** આરોપીની આંક—૧૨૫ ની અરજી આથી **મંજૂર** કરવામાં આવે છે.

**૨.** આરોપી પ્રદિપ શશીકાંત કારખાનીશને ₹૧૦,૦૦૦/— (અંકે રૂપિયા દસ હજાર પૂરા) ના સદ્ધર જામીન અને તેટલી જ રકમના જાતમુચરકા રજૂ કર્યેથી ફક્ત અપીલ પીરીયડ સુધી ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમ—૭, ૧૩(૧)(ઘ) તથા ૧૩(૨) મુજબના શિક્ષાપાત્ર ગુનામાં ફરમાવવામાં આવેલ કેદની સજાના હુકમનો અમલ મોકૂફ રાખવાનો અને અપીલ પીરીયડ સુધી આરોપીને જામીન પર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** જો આરોપી નિયત સમય—મર્યાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટમાં આ ચૂકાદા સામે અપીલ દાખલ ન કરે તો તે સંજોગોમાં આરોપીએ અપીલ પીરીયડ પૂરો થવાના તરતના બીજા દિવસે તેમને ફરમાવવામાં સજા ભોગવવા માટે અત્રેની કોર્ટ સમક્ષ હાજર થવાનું રહેશે.

આ હુકમ આજરોજ તારીખઃ **૧૭**મી માહે **માર્ચ,** સને **૨૦૨૬** ના રોજ સુરત મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સહી/—
**(રાહુલ અરૂણકુમાર ત્રિવેદી)**
વિશેષ ન્યાયાધીશ, સુરત
[કોડ નં.જીજે૦૧૪૯૫]

DPP